દિવ્ય ભાસ્કર

27 OCT 2018

PIB MUMBAI

INFORMATION BUREAU LIB.
MUMBAI

## અન્ય રાજ્યોના રાજ્યપાલ-CM, મહાનુભાવો નવેમ્બરમાં આવશે

# સ્ટેચ્યૂ ઓફ યુનિટી : મોદી સહિત માત્ર ગુજરાતી મહાનુભાવોની હાજરી

## અમિત શાહ, આનંદીબહેન પટેલ, વજુભાઇની વિશેષ ઉપસ્થિતિ

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

### નરેન્દ્ર મોદી 30મીએ ગાંધીનગર આવી પહોંચશે



સરદાર વલ્લભભાઇ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીના લોકાર્પણના ઐતિહાસિક પ્રસંગે વડાપ્રધાન મોદી સહિત માત્ર ગુજરાતી મહાનુભાવોની ઉપસ્થિતિ રહેશે. અન્ય કોઇ રાજકીય આગેવાનો કે મંત્રીઓની હાજરી આ કાર્યક્રમમાં નહીં હોય. ...અનુસંધાન પાના નં. 6

**સ્ટેચ્યૂ ઓફ યુનિટી...**

આ કાર્યક્રમ વિશેષ ઝાકઝમાળ વિના સાંસ્કૃતિક ભવ્યતા અને ગુજરાતની ગરિમાને ઉજાગર કરીને યોજવાનું આયોજન કરાયું છે. સમગ્ર કાર્યક્રમમાં ગુજરાત અને ગુજરાતીઓનું પ્રભુત્વ છલકશે. સ્ટેચ્યૂ ઓફ યુનિટીના લોકાર્પણ કાર્યક્રમમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી અને હાલ મધ્યપ્રદેશના રાજ્યપાલ આનંદીબહેન પટેલ, ગુજરાત વિધાનસભાના પૂર્વ અધ્યક્ષ અને હાલ કર્ણાટકના રાજ્યપાલ વજુભાઇ વાળા વિશેષ ઉપસ્થિત રહેશે. આ સાથે ગૌતમ અદાણી, સુધીર મહેતા, પંકજ પટેલ સહિતના ટોચના ઉદ્યોગપતિઓ હાજરી આપશે.

સરદાર વલ્લભભાઇ પટેલના 36 જેટલા પરિવારજનો આ કાર્યક્રમમાં ખાસ હાજરી આપશે. લોકાર્પણ કાર્યક્રમમાં 8થી 10 હજાર જેટલા લોકો ઉપસ્થિત રહે તેવું આયોજન છે. ગુજરાત સરકાર દ્વારા તમામ રાજ્યોના રાજ્યપાલ અને મુખ્યમંત્રીને તેમના મંત્રીમંડળ સાથે સ્ટેચ્યૂ ઓફ યુનિટી નિહાળવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. પરંતુ તેઓને લોકાર્પણ પછી નવેમ્બર મહિનામાં તેમની અનુકૂળતા પ્રમાણે આવવાનું કહેવામાં આવ્યું છે. જો કે હજુ સુધી કોઇ મુખ્યમંત્રી તરફથી તારીખો અપાઇ નથી.

- નરેન્દ્ર મોદી 30મીએ રાત્રે 9.30 કલાકે અમદાવાદ પહોંચશે જ્યાં તેમનું સ્વાગત થશે
- રાત્રે 10 કલાકે ગાંધીનગર રાજભવન આવી પહોંચશે જ્યાં રાત્રિ રોકાણ કરશે .
- 31મીએ સવારે 8 કલાકે હેલિપેડથી હેલિકોપ્ટર મારફતે કેવડિયા જશે.
- 9 વાગ્યે કેવડિયા હેલિપેડ ખાતે ઉતરશે.
- 9.10 વાગ્યે ફ્લાવર વેલીની મુલાકાત લેશે.
- 9.30 કલાકે ટેન્ટ સિટીની મુલાકાત લેશે .
- 10 કલાકે સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું લોકાર્પણ.
- 12.30 કલાકે કેવડિયા હેલિપેડથી હેલિકોપ્ટર મારફતે વડોદરા એરપોર્ટ જવા રવાના થશે.
- 1.00 વાગ્યે વડોદરા એરપોર્ટથી દિલ્હી જવા રવાના થશે.

Statue of Unity : Dignitaries from Gujrat along with PM will be present on the occassion.